# પાંચ દિવસ બાદ પણ બાજવાના ઈન્દિરા આવાસમાં વરસાદી પાણી ભરાયેલા, નાગરિકોમાં ભારે રોષ

**દુર્ગંધ-મચ્છરો** વધતાં રોગચાળો ફેલાવાની ભીતિ, તંત્ર કે કાઉન્સિલર તરફથી કોઈ મદદ નહીં - સ્થાનિકોની તાત્કાલિક નિરાકરણની માંગ



વોર્ડ નં ૯ બાજવા વિસ્તારની ખરાબ હાલતના જવાબદાર કાઉન્સિલરો ઉમિષા વસાવા (કોન્ટેક નંબર 9726186661), સુરેખાબેન પટેલ (9879111275), નરસિંહ ચૌહાણ (9773032354) અને શ્રીરંગ આયરે (9824006366)

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
વડોદરા શહેરના બાજવા વિસ્તારની ઈન્દિરા આવાસ કોલોનીમાં વરસાદે વિરમ્યા છતાં પાંચ દિવસ બાદ પણ પાણી ભરાઈ રહેતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. દુર્ગંધ, મચ્છરનું ઉપદ્રવ અને બીમારીઓ ફેલાતાં લોકોમાં ચિંતા વધી રહી છે પરંતુ તંત્ર કે સ્થાનિક નેતાઓ તરફથી કોઈ કાર્યવાહી ન થતા લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો છે. તંત્રની બેદરકારી પર લોકોમાં ભારે રોષ, સ્થાનિક કાઉન્સિલરની નિષ્ક્રિયતા ઉપર આક્ષેપ કર્યા હતા. વડોદરા શહેરના વોર્ડ નં. 9માં આવતાં બાજવા વિસ્તારની ઈન્દિરા આવાસ કોલોનીમાં પાંચ દિવસ પૂર્વે થયેલા વરસાદનું પાણી હજી સુધી ભરાયેલું રહેતાં નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદ ન વરસ્યો હોવા છતાં વિસ્તાર પાણીમાં ગરકાવ રહેવાની સ્થિતિ તંત્રની નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. સ્થાનિકોએ જણાવ્યું કે વિસ્તારના ખૂણે ખૂણે પાણી ભરાઈ જવાથી દુર્ગંધ ફેલાઈ રહી છે. સતત ભરાયેલા પાણીમાં મચ્છરની સંખ્યા વધી રહી છે, જેના કારણે તાવ અને ચેપજન્ય બીમારીઓ ફેલાવાની ભીતિ વધી ગઈ છે. લોકોનું કહેવું છે કે પાંચ દિવસ બાદ પણ પાલિકા તંત્ર તરફથી સફાઈ કે પાણીની નિકાસની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે વિસ્તારની હાલત ગંભીર બની ગઈ છે. જણાવ્યું કે આજદિન સુધી કોઈ અધિકારી કે ચૂંટાયેલા પ્રતિનિધિ વિસ્તારની મુલાકાતે આવ્યા નથી. લોકોનું સ્પષ્ટ કહેવું છે કે વોર્ડ નં. 9ના કાઉન્સિલરો સંપૂર્ણપણે નિષ્ક્રિય રહ્યા છે. આક્રોશિત લોકોએ ચેતવણી આપી છે કે તંત્ર તાત્કાલિક પગલાં નહીં ભરે તો તેઓ આંદોલનનો માર્ગ અપનાવવામાં મજબૂર બનશે.

**આ સમસ્યા માટે જવાબદાર આ કોર્પોરેટરોનો ઉત્તર માગો**

| ઉમિષા વસાવા | સુરેખાબેન પટેલ | નરસિંહ ચૌહાણ | શ્રીરંગ આયરે |
|---|---|---|---|
| 9726186661 | 9879111275 | 9773032354 | 9898612058 |

## 3 ઝોનના વહીવટદાર બનવા નવા IPS અધિકારીને રીઝવવા માટે અથાગ પ્રયાસ

મેટ્રોસિટી અમદાવાદ, ડાયમંડ સિટી સુરત, રંગીલા રાજકોટ કે પછી સંસ્કારી નગરી વડોદરા હોય પરંતુ પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને પોલીસ સ્ટેશનના, ડિવિઝન તથા ઝોનના અધિકારીના વહીવટદાર બનવાની ઘેલછા વધુ રહેતી હોય છે. તાજેતરમાં જ પોલીસના ત્રણ ઝોનના ત્રણ આઈપીએસની અન્ય જગ્યાએ બદલી કરવામાં આવી છે, જેમની જગ્યાએ નવા ત્રણ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. ત્યારબાદ અધિકારીઓ નવા આવ્યા હોય ત્યારે કેટલાક પોલીસ કર્મચારીઓએ લોબિંગ શરૂ કરી દીધું છે. જેમાં આ અધિકારીઓની નજરમાં દેખાય અને અધિકારી દ્વારા ઝોનના વહીવટદાર આ કર્મચારીઓને બનાવી દેવામાં આવી તેની મથામણ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે બે આઈ પીએસ અધિકારીએ ચાર્જ સંભાળી લીધો છે. પરંતુ હજુ એક અધિકારી આવ્યા નથી તો પછી ત્યારે આ આઈપીએસ અધિકારીઓને વ્હાલા બનવા માટેના તેમને રીઝવવાના પ્રયાસ ઝોનના કર્મચારીઓ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યા છે. ત્યારે આગામી દિવસોમાં કયા પોલીસ કર્મચારીને ઝોનના વહીવટદાર બનાવવામાં આવે છે તેને લઈને પોલીસ બેડામાં ભારે ચર્ચા જોવા મળી રહી છે.

### પરિવારવાદની જાળ રાજનીતિથી મહાનગરપાલિકા સુધી સગા-સંબંધીઓને નોકરી અપાઇ




વડોદરા મહાનગરપાલિકામાં સત્તા પર બેસેલા નેતા-અધિકારીઓના કારણે શહેરની સ્થિતિ અત્યંત ખરાબ બની છે. એક તરફ સ્માર્ટ સિટીની વાત માત્ર કાગળ પર જોવા મળે છે, ત્યારે તેના નામે કરોડો-અબજો રૂપિયાના ફંડ રાજ્યમાંથી તેમજ પાલિકા બજેટમાંથી વહેંચીને વાપરાઈ જતા હોવાની સામે આવી રહ્યું છે. પરંતુ હકીકતમાં આ રકમનો મોટો હિસ્સો ગેરરીતિઓમાં ખપાઈ જતો હોવાનો લોકોમાં વિશ્વાસ છે. માહિતી પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં વડોદરા મહાનગર પાલિકાના વિવિધ વિભાગોમાં નેતા-અધિકારીઓના સગાસંબંધીઓને, ઓળખીતાઓને તેમજ પૈસા આપી નોકરી મેળવનારા લોકોને મોટા પાયે ભરતી આપવામાં આવી છે. તાજેતરમાં જ પાલિકામાં કુલ 111 કર્મચારીઓ અનેક વિભાગોમાં ભરતી કરવામાં આવ્યા છે. તેમા ઘણા એવા લોકોનો સમાવેશ થાય છે, જેમને કોઈ કામગીરી કે ટેક્નિકલ જ્ઞાન નથી. નૌકરી આપવામાં આવેલા કર્મચારીઓને જન્મ-મરણ શાખા, ઓડિટ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, હિસાબી વિભાગ, આરોગ્ય વિભાગ, મિકેનિકલ શાખા, સ્ટ્રીટ લાઈટ વિભાગ, ઝોન કચેરીઓ, જમીન મિલકત શાખા, ટ્રાફિક શાખા, સોલિડ વેસ્ટ, રોડ પ્રોજેક્ટ શાખા, પાર્ક એન્ડ ગાર્ડન, ડ્રેનેજ શાખા, સેન્ટ્રલ સ્ટોર, પબ્લિક હેલ્થ લેબોરેટરી સહિતના અનેક વિભાગોમાં મુકાયા છે. વિશેષ એ છે કે આમાંથી કેટલાક કર્મચારીઓ સીધા મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને અન્ય સત્તાધીશો સાથે સંબંધ ધરાવતા હોવાનો આક્ષેપ છે. ઘણા તો માત્ર ઓળખાણ અને રાજકીય શિફારસના આધારે નોકરી સુધી પહોંચી ગયા છે. વિભિન્ન વોર્ડોમાં ભૂતકાળથી કાર્યરત અધિકારીઓ-કર્મચારીઓની કામગીરી જ પહેલેથી જ નિષ્ફળ સાબિત થઈ છે. હવે લાયકાત વગરના નવા સ્ટાફને રાખવામાં આવ્યા હોવાથી શહેરના વિકાસ કાર્યો વધુ રૂંધાઈ જશે તેવી ચર્ચા નાગરિકોમાં વ્યાપી છે.

### એક પોલીસ સ્ટેશનના વહીવટથી સંતુષ્ટ ન થતા વહીવટદારે ઝોનમાં બદલી કરાવી!

વડોદરા શહેરના પોલીસ વિભાગ ચાર ઝોનમાં વહેંચી દેવામાં આવ્યો છે. જેમાં ઝોન વન, ઝોન ટુ, ઝોન થ્રી અને ઝોન ફોર એમ ચાર ઝોનમાં અલગ અલગ પોલીસ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચાર ઝોન પૈકી એક ઝોનના સંવેદનશીલ વિસ્તારમાં આવેલા એક પોલીસ સ્ટેશનના કર્મચારી ઘણા સમયથી વહીવટદાર તરીકે કામ કરતા હતા. લોકો જાણતા જ હોય છે કે વહીવટદારની શુ ભૂમિકા હોય છે. પરંતુ ઘણા સમય સુધી એક જ વિસ્તારમાં આ કર્મચારી વહીવટ કરવા સાથે સંપૂર્ણ સંચાલન કરીને એક પ્રકારે ધરાઈ ગયા હોય એવું લાગી રહ્યું હતું. જેને લઈ આ પોલીસ કર્મચારી વહીવટદારનો લાભ લઈને માત્ર એક જ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સિમિત થઈ ગયા હતા અને આ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળતી આવકને લઈને પણ તેમને સંતોષ થતો ન હતો. જેથી તેઓએ હવે માત્ર પોલીસ સ્ટેશનની હદ નહીં પરંતુ સંપૂર્ણ ઝોનમાં આવતા તમામ પોલીસ સ્ટેશન હદ વિસ્તારનો વહીવટ કરવાનું વિચારીને પોતાની ઝોનમાં બદલી કરાવી છે. કારણ કે એક પોલીસ સ્ટેશનમાં આવતા હોય તે વિસ્તારમાં જ ફરવું પડતું હોય છે, પરંતુ જો ઝોનમાં હોય તો તેમાં આવતા તમામ પોલીસ સ્ટેશન વિસ્તારનો વહીવટનો લાભ મળે છે

### સૌથી મોટી હોસ્પિટલમાં ચાલુ ફરજ દરમિયાન ચોરીથી પોર્ન વીડિયો જુએ છે!

મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ શહેરમાં આવેલી છે જ્યાં વડોદરા શહેર જિલ્લા કે રાજ્યના જ નહીં પરંતુ મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાંથી પણ દર્દીઓ સારવાર માટે દરરોજ મોટી સંખ્યામાં આવતા હોય છે. અહીં થોડાક દિવસો પહેલા એક સિનિયર અને આધેડ ઉંમરના તબીબ ડો.ચિરાગ બારોટ સામે એક મહિલા તબીબે લગ્નની લાલચે તથા ગર્ભિત ધમકી આપી બ્લેકમેઈલ કરી અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હોવાના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ થતાં સમગ્ર તબીબ આલમમાં ખળભળાટ મચી ગયો છે આ તો જ્યારે મહિલા તબીબે ફરિયાદ કરી એટલે જગજાહેર વાત થઈ છે પરંતુ ગત અઠવાડિયે હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર વિભાગમાં એક તબીબ દ્વારા નર્સ સાથે શારીરિક અડપલાં કરવાની ઘટના બની હતી પરંતુ સમગ્ર મામલે હોસ્પિટલ ની બદનામી ન થાય તે માટે ઉચ્ચ અધિકારીઓ ના દબાણ અને પોતાની નોકરી બચાવવા માટે નર્સે આખરે નમતું જોખી સમાધાન કર્યું હોવાની ચર્ચા છે.એકાદ મહિના અગાઉ બાળ વિભાગમા સુરક્ષા કર્મી મહિલા સાથે બહારથી આવેલ બે અજાણ્યા ઈસમો દ્વારા શારીરિક અડપલાં ની કોશિશ કરાઈ હતી આવી ઘટનાઓ જાહેર થતાં વાતો વાયુવેગે પ્રસરી જતી હોય છે પરંતુ ઘણીવાર અહીં ફરજ બજાવતા કેટલાક તબીબો રાત્રે ફરજ દરમિયાન ચોરીછૂપીથી પોતાના મોબાઈલ ફોનમા પોર્ન વિડિયો પણ જોતા હોય છે. કેટલીક વાર અંદરોઅંદર વોર્ડમાં,ખાલી રૂમમાં મજબુરીવશ તો ક્યારેક અન્ય કારણોસર પણ વ્યભિચાર થતો હોય છે પરંતુ આ એવી વાતો છે જે જવલ્લે જ બહાર આવે છે અથવાતો ઉજાગર થાય છે. જ્યારે આટલી મોટી હોસ્પિટલમાં કેટલાક તબીબો જ પોર્ન વીડિયો જૂએ, શારિરીક અડપલા કરતા હોય, બળાત્કાર જેવી ઘટનાઓ બનતી હોય ત્યારે હોસ્પિટલમાં મહિલાઓની સુરક્ષા બાબતે સવાલો ઉભા થાય છે.

**શહેરમાં પાલિકાના પાપે ખુલ્લા છે મોતના કુવા**

## નર્મદા ભુવન પાસેના મુખ્ય માર્ગ પર ખુલ્લી વરસાદી ગટરથી જોખમ

વાહનચાલકો માટે જોખમી પરિસ્થિતિ કોઇ દુર્ઘટના બને તો જવાબદારી કોની?



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે રસ્તાઓ પર વાહનચાલકો માટે મુશ્કેલી સર્જાય તેવી પરિસ્થિતિઓ સતત સામે આવે છે. તે જ રીતે નર્મદા ભવન તરફ જવાના મુખ્ય માર્ગ પર આવેલા વરસાદી ગટરનું ઢાંકણ ખુલ્લું પડી ગયું હોવાથી વાહનો પર પસાર થનારા લોકોને ભારે તકલીફ પડી રહી છે.
ખુલ્લી ગટર હોવા છતાં રોડ પર કોઈપણ પ્રકારની સૂચના કે ચેતવણી મૂકવામાં આવી નથી. જેથી ખાસ કરીને બાઈક, સ્કૂટર કે અન્ય વાહનો સહિતના નાનાં વાહનો માટે રસ્તો જોખમી બની ગયો છે. રાત્રિના સમયે પસાર થનાર વાહનચાલકોને ખાડો દેખાય નહીં તો સીધા ગટરમાં ખાબકી જવાના અકસ્માતનો ભય રહ્યો છે. પ્રશાસન દ્વારા જાળવણીના અભાવે આવી પરિસ્થિતિ ઉભી થવા લાગી છે. નગરજનોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જો આ ખુલ્લી વરસાદી ગટરમાં ખાબકવાના કારણે કોઈ વાહનચાલક કે રાહદારી ઈજા પહોંચે તો તેની જવાબદારી કોણ લેશે? નર્મદા ભવન રોડ પર રોજ સૈંકડો લોકોની અવરજવર રહે છે. આવા વ્યસ્ત માર્ગ પર ખુલ્લી વરસાદી ગટર રહે એ ગંભીર બેદરકારી કહી શકાય. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે વારંવાર આવી ગટર ખુલ્લી રહેવાના બનાવો સામે આવ્યા છે, છતાં તંત્ર કોઈ કાયમી ઉપાય કરવા ધ્યાન આપતું નથી. વરસાદ સમયે પાણી ભરાઈ જાય તો ખુલ્લી ગટર વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. તંત્રે તરત જ ગટરના ઢાંકણની દુરસ્તી કરી વાહનચાલકોને સુરક્ષિત માર્ગ આપવો જોઈએ તેવી માગ ઊઠી રહી છે.

**એક જ રાતમાં બે મકાનમાં તસ્કરો ત્રાટક્યાં**

## મંગલેશ્વર ઝાપાના મકાનમાં રૂ.1.55 લાખની ચોરી

પીઆઇ સહિતનો સ્ટાફ ઉંઘતો ઝડપાયો, નાઇટ પેટ્રોલિંગ લીરેલીરા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
વડોદરા શહેરના ફતેપુરા મંગલેશ્વર ઝાપા શ્રીરામ મંદિર સોસાયટીમાં રહેતા ચિરાગ નવીનચંદ્ર સોલંકી હરીપ્રસાદમ નામથી ટ્રાવેલ્સનો ધંધો કરે છે. 12 સપ્ટેમ્બરના રોજ યુવક તેમની પત્ની સાથે તેમની બહેન બીમાર હોય તેમને જોવા માટે ગયા હતા. જ્યારે તેમના માતા પિતા તથા પુત્ર ઘરમાં ઉંઘી ગયા હતા. ત્યારબાદ તેઓએ રાત્રીના સવા બાર વાગ્યાના આસપાસ ઘરે આવ્યાં હતા. તે દરમિયાન તેમના ઉપરના મકાનનો દરવાજો ખુલ્લો હતો તેમજ ઘરવખરી સહિતનો સામાન પણ વેરવિખેર હાલતમાં પડ્યો હતો. જેથી દંપતીએ તેમના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હોય તિજોરીના ડ્રોઅરમાં તપાસ કરી હતી. ત્યારે તેમાં મુકેલા સોના દાગીના અને રોકડા રૂપિયા 34 હજાર મળી રૂ. 1.55 લાખની માલ ગાયબ હતી. કુંભારવાડા પોલીસ સ્ટેશન નજીક હોવા છતાં પીઆઈ સહિતનો સ્ટાફ ઉંઘતો ઝડપાયો હતો.
બીજા બનાવમાં વારસીયા વિસ્તારમાં રહેતા સુરેખા પ્રકાશ લાલવાણી 11 સપ્ટેમ્બરનારોજ દીકરી રિદ્ધીનો જન્મ દિવસ હોય પ્રતાપનગરના તેમના ઘર ગયા હતા અને ત્યાં રોકાયા હતા. તે દરમિયાન તસ્કરોએ તેમન બંધ મકાનમાંથી ઘુસ્યાં હતા અને ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂ. 20 હજારની ચોર કરી ફરાર થઈ ગયા હતા. બાજુમાં રહેતા પાડોશીએ બીજા દિવસે ફોન કરી ઘરનો દરવાજો ખુલ્લો છે તેમ કહી તે દંપતી ઘરે આવ્યું હતું અને મહિલાએ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

**એસ.એસ.જી.હોસ્પિટલના ડોક્ટર હજુ પોલીસ પકડથી દૂર**

## સિનિયર તબીબ ડો.ચિરાગ બારોટ ગેર હાજર રહેતા ડીને મેમો આપ્યો




સિનિયર ડોક્ટર ચિરાગ બારોટ ઉપર મહિલા તબીબ સાથે લગ્નની લાલચે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હોવાની ફરિયાદ નોંધાયા બાદથી તેઓ પોતાની ફરજ પર જણાયા નથી ફરિયાદ બાદથી જ તેઓ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ડો.ચિરાગ બારોટ સામે બળાત્કાર ની ફરિયાદ બાદ અધિકૃત રીતે ડોક્ટર પોતાની ફરજ પર હાજર ન થતાં હોસ્પિટલના મેડિકલ વિભાગના ડીન અને હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.રંજન ઐયર દ્વારા તાત્કાલિક ડો.ચિરાગ બારોટને મેમો ફટકારી આપ્યો છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
વડોદરા શહેરની એસ.એસ.જી. હોસ્પિટલના મનોચિકિત્સક સિનિયર તબીબ સામે મહિલા તબીબ દ્વારા લગ્નની લાલચે પોતાના પતિ સાથે છૂટાછેડા લેવડાવી અલગ અલગ સ્થળોએ તેઓ સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવતા જ સિનિયર તબીબ પોતાની ફરજ પર કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના જવાનું બંધ કરી જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય ડીન તથા એસ.એસ.જી. હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેન્ટ ડો.રંજન ઐયર દ્વારા તાત્કાલિક અસરથી તબીબને મેમો ફટકારી આપ્યો છે.
મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ફરજ બજાવતા

**સમગ્ર મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ**

## ડભોઈ રોડ પર આવેલી અનમિત હોસ્પિટલની બેદરકારીથી નવજાત શિશુનું મોત નિપજ્યું




(પ્રતિનિધિ) વડોદરા, તા.14
શહેરના ડભોઈ રિંગ રોડ ઉપર આવેલા સમૃદ્ધિ સાફલ્ય કોમ્પ્લેક્ષમા અનમિત હોસ્પિટલ આવેલી છે. વડોદરાના અને ભરુચ ખાતે સાસરીમા રહેતા વિશાખાબેન પ્રશનીલ ભરુચા કે જેઓ સગર્ભા થતાં તેઓની છેલ્લા ત્રણેક મહિનાથી આ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી તેઓને રવિવારે લેબર પેઈન થતાં સવારે સાત વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં પ્રસુતાને બે થી ત્રણ વખત પ્રસવ પીડા થતાં વિશાખાબેનના પતિ અહીં ડોક્ટરને કહેવા માટે ગયા હતા ત્યારે તેઓને તબીબ અને ફરજ પરના સ્ટાફ દ્વારા નોર્મલ ડિલિવરી ની વાત કરવામાં આવી હતી પરંતુ મહિલાથી પ્રસવ પીડા સહન થતી ન હોય પોતે સિઝર માટે વિનંતી કરી હતી તેમ છતાં હોસ્પિટલના તબીબે વાત સાંભળી ન હતી ત્યારબાદ વિશાખાબેનને પ્રસુતિ રૂમમાં લઈ ગયા હતા જ્યાં કોઈપણ પ્રકારની સારવાર વિના જ પ્રસુતિ થતાં નવજાત શિશુ હલનચલન કરતું ન હોય તબીબો સોમા તળાવ પાસેના આશ્રય હોસ્પિટલમાં બાળકને લઈ ગયા હતા જ્યાં નવજાતને તપાસતાં તે મૃત હોવાનું જાહેર કર્યું હતું. પરિવાર દ્વારા હોસ્પિટલ પ્રશાસન ની બેદરકારી હોવાના આક્ષેપ કર્યા હતા અને જણાવ્યું હતું કે જો નોર્મલ ડિલિવરી શક્ય ન હતી તો હોસ્પિટલના તબીબે પરિવારને જાણ શા માટે ન કરી? જો બાળક માતાના પેટમાં જ મૃત્યુ પામ્યું હોત તો માતાની હાલત સ્થિર કેવી રીતે રહી શકત? ડિલિવરી બાદ પ્રસુતાની સારવાર માટે પણ કોઈ સ્ટાફ સાથે ન હોવાના આક્ષેપો પરિજનો દ્વારા કરવામાં આવ્યા છે સાથે જ ડિલિવરી દરમિયાન તબીબ અને સ્ટાફની બેદરકારીના ગંભીર આક્ષેપો તદ્ઉપરાંત મૃત્યુ બાદ પણ શિશુની નાળ પરથી કાતર ન હટાવાઈ હોવાના આક્ષેપો સાથે પરિવારે ન્યાયની માંગણી કરી છે.

## પ્રતિક પટેલ બની દુષ્કર્મ ગુજારનાર ઈકબાલ પરમારના 2 દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
મુસ્લિમ હોવાની ઓળખ છુપાવીને ઈકબાલ પરમારે એક સંતાનની માતા પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યુ હતુ. પોલીસ દ્વારા આરોપીની વધુ પૂછપરછ માટે તેની ધરપકડ કરી 16 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. પુત્રનો જન્મ થયા બાદ પતિ સાથે અણબનાવ થતા મહિલા પોતાના પુત્ર સાથે એકલી રહેતી હતી અને કેટ્રિંગનું કામ કરતી હતી. ત્યારે તેની સાથે કામ પર આવતા યુવક ઈકબાલ પરમારે મુસ્લિમ હોવાની ઓળખ છુપાવી પોતાનું નામ પ્રતિક પટેલ જણાવ્યું હતું અને પ્રેમ સંબંધ બાંધી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાની ફરિયાદના આધારે માંજલપુર પોલીસે આરોપીની ધરપકડ કરીને લીધી હતી અને કોર્ટમાં રજૂ કરીને 16 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મેળવ્યાં છે. જેથી પોલીસે આરોપીને પંચનામા માટે મહિલાના ઘરે તપાસ માટે લઈ ગઈ હતી.

**શહેરની વિવિધ ૬૦ શાળાઓમાં ધો ૨ થી ૬માં ભણતા ૪૦૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો**

## ફેડરલ બેંક જુનિયર રનનું પ્રથમ સંસ્કરણ માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયું

**સ્પર્ધકોએ** સ્વચ્છતા, પર્યાવરણનું સંરક્ષણ તથા સસટેનેબિલીટી નું પાલન કરવાના શપથ લીધા





(પ્રતિનિધિ) વડોદરા, તા.14
માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વડોદરા મેરેથોન પાવર્ડ બાય ચાર્જ ઝોન, ફેડરલ બેંક જુનિયર રનનું પ્રથમ સંસ્કરણ યોજાયુ હતું. જેમાં વડોદરાની ૬૦ થી વધુ શાળાઓના ધો-૨થી ૬ના ૪૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. તેમજ સ્વચ્છતા, પર્યાવરણનું સંરક્ષણ તથા સસટેનેબિલીટી નું પાલન કરવાના શપથ લીધા હતા. આ તમામ નાના દોડવીરો એક વિશિષ્ટ ક્ષણે સસ્ટેનેબિલિટીની પ્રતિજ્ઞા (Pledge for Sustainability) લેવડાવવામાં આવી હતી, જે વડોદરા મેરેથોન દ્વારા સામાજિક જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલ અનોખું પગલું છે. વડોદરા મેરેથોન દ્વારા શરૂ કરાયેલ આ અભિયાન "વિકસિત ભારત 2047"ની દિશામાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. આ જુનિયર રન વડોદરાની નાનકડી પેઢીને માત્ર રમતગમત તરફ જ નહીં પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને સસ્ટેનેબિલિટી તરફ પણ પ્રેરિત કરશે. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોન દ્વારા 13મી મેરેથોનનાના આયોજન પૂર્વે જુનિયર રન યોજીને નવી શરૂઆત કરી છે. આ અનોખી દોડ યોજવા પાછળનો મુખ્ય હેતુ બાળકો બાલ્યાવસ્થા થીજ રમત અને દોડમાં રસ લેતા થાય તે છે. માંજલપુર સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ ૧૦૦ મીટરની જુનિયર રનમાં શહેરની વિવિધ ૬૦ શાળાઓમાં ધો ૨થી૬માં ભણતા ૪૦૦૦થી વધુ બાળકો એ ભાગ લીધો હતો.

## બરોડા સિટિઝન કાઉન્સીલ ગરબા મહોત્સવમાં ધૂમ મચાવશે સનત પંડ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.14
મારી અંબે માની લાલ લાલ ચૂંદડી ગરબા સાથે આ વર્ષે બરોડા સિટિઝન કાઉન્સીલ ગરબા મહોત્સવ ૨૦૨૫માં ગૌરવ પુરસ્કાર વિજેતા સિંગર સનત પંડયા અને તેમના ગ્રૂપના તાલે ૪ થી ૧૫ વર્ષના બાળકો ગરબે ઘૂમશે.
જે વિશે માહિતી આપતા સંગીત સાથે ૪૦ વર્ષથી જોડાયેલા સનત પંડ્યાએ જણાવ્યું હતું કે, કલા અને સંસ્કારી નગરીમાં બાળકો નાનપણથી જ આપણી કલા, સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડાય તેવા હેતુથી વર્ષ ૨૦૦૭થી ૧૫ વર્ષ સુધીના બાળકો માટે શરૂ થયેલા બરોડા સિટિઝન કાઉન્સીલ (BCC)ના ગરબા મહોત્સવમાં ૨૫૦૦ થી વધારે બાળકો શહેર ઉપરાંત મુંબઈથી ગરબે ઘૂમવા આવે છે. હાલના BCCના ડાયરેક્ટર મમતા સિંઘના નેજા હેઠળ એલેમ્બીક ક્રિકેટ મેદાન ખાતે આયોજિત થનારા ગરબા મહોત્સવમાં પર્યાવરણનું રક્ષણ કરવાની થીમ રખાઇ છે. આ સાથે BCCના ગરબામાં કુંકુ પગલે પધારજો શિર્ષક હેઠળ બનાવેલો ખાસ ગરબો પણ પ્રસ્તુત કરવામાં આવશે. આ ગરબા મહોત્સવમાં સ્વચ્છતા અને સિક્યૂરિટીનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ સાથે રોજે ૧૫ જેટલા આકર્ષક ઈનામો અપાશે. આ સાથે છેલ્લા દિવસે બંપર પ્રાઈઝ પણ અપાશે.

## અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગેથી ચાલશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
દક્ષિણ રેલવેના ચેન્નઈ એગ્મોર સ્ટેશન પર પુનર્વિકાસ કાર્યના બીજા તબક્કાના સંદર્ભમાં લાઈન બ્લોક અને પાવર બ્લોકના કારણે પ્લેટફોર્મ નં. 7, 8 અને 9 પ્રભાવિત થશે. જેના કારણે અમદાવાદ - તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગેથી ચાલશે જેની વિગતો નીચે મુજબ છેઃ 1. 18, 25 સપ્ટેમ્બર તથા 2, 9, 16, 23, 30 ઑક્ટોબર અને 6 નવેમ્બર 2025ના રોજ અમદાવાદથી ચાલનારી ટ્રેન સંખ્યા 09419 અમદાવાદ - તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગ વાયા રેનીગૂંટા, તિરુત્તાની, મેલપક્કમ, કાટપાડી અને વેલ્લોર કૅન્ટ ના રસ્તે ચાલશે. 2.14, 21, 28 સપ્ટેમ્બર તથા 5, 12, 19, 26 ઑક્ટોબર અને 2, 9 નવેમ્બર 2025એ તિરુચિરાપલ્લીથી ચાલનારી ટ્રેન સંખ્યા 09420 તિરુચિરાપલ્લી - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગ વાયા વેલ્લોર કૅન્ટ, કાટપાડી, મેલપક્કમ, તિરુત્તાની અને રેનીગૂંટાના રસ્તે ચાલશે.

## ઈમરજન્સીમાં પ્રાથમિક સારવાર આપવા માટેની રીક્ષા ચાલકોને CPR તાલીમ અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
ઓટો રીક્ષાએ વાહનવ્યવહારની સેવા આપતું મહત્વનું સાધન છે. જે 24 કલાક રસ્તા ઉપર રહી પ્રજાને સેવા આપે છે. જો ઓટો રીક્ષા ચાલકોને અકસ્માત અને મેડીકલ ઈમરજન્સીમા કેવી રીતે સારવાર કરવી તે શીખવવામાં આવે તો ઘણા માનવ જીવ બચી જાય. ત્યારે, ટ્રાફિક પોલીસ ખાનગી હોસ્પિટલ અને શહેર જીલ્લા રીક્ષા ચાલક યુનિયન દ્વારા 108 ની પ્રાથમિક સારવાર બાબતની ટ્રેનીંગનો કેમ્પ રાખવામાં આવ્યો હતો.
વડોદરા ખાતે ઓટો રીક્ષા ચાલકો માટે અકસ્માત અને ગંભીર પરીસ્થિતિમાં કેવી રીતે પ્રાથમિક સારવાર આપવી તેનો તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ડો.કિલોલ કનેરીયા, ડો.ગૌરવ માલવીયા અને ડો.નીરવ શાહ દ્વારા વડોદરાના રીક્ષા ચાલકોને તાલીમ આપવામાં આવી હતીp



આ સાથે વડોદરા ટ્રાફિક પીઆઈ પી.ડી પરમાર અને અન્ય ટ્રાફિક સ્ટાફ પણ હાજર રહ્યો હતો. જેમણે વડોદરાના રીક્ષા ચાલકોને માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પમાં રીક્ષા ચાલકોને એક ફર્સ્ટ એડ કીટ પણ આપવામાં આવી હતી. સરકારની અકસ્માતમાં ઈજાગ્રસ્તને મદદ કરનાર માટે રાહવીર યોજના બનાવી છે, તેનાથી સહુ કોઈને માહિતગાર કરવામાં આવ્યા હતા.